**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૦ ટકા

# સે-૨૧ જીમખાનામાં તરવૈયાઓનો ધસારો

## આ વર્ષે ૨૩૦૦થી વધુ તરવૈયાઓ સ્વીમીંગની તાલીમ માટે આવ્યા : ત્રણ સિનિયર સિટિઝન કોચ દ્વારા સ્વીમીંગની તાલીમ જે યુવા વર્ગ માટે અદભુત ઉદાહરણ





ગાંધીનગર, તા.૧૦

ઉનાળાની ગરમીથી રાહત મેળવવા તથા સ્વીમીંગ શીખવા માટે શહેરના સેકટર-૨૧ જીમખાના ખાતે આ વર્ષે સ્વીમરોની સંખ્યા ખૂબ વધી ગઈ છે. છેલ્લા બે વર્ષ કોરોનાકાળમાં શહેરીજનોને સ્વીમીંગ કરવાનો લ્હાવો મળ્યો નહોતો પરંતુ આ વર્ષે ઉનાળાની શરૂઆતથી જ સ્વીમીંગ પુલમાં શહેરીજનોનો ધસારો જોવા મળ્યો હતો. જેમાં જૂન મહીના સુધી ૨૩૦૦થી પણ વધુ સ્વીમીંગ માટેના રજીસ્ટ્રેશન નોંધાયા છે. જેમાં નાના બાળકોથી લઈ ૭૦ વર્ષ સુધીના માણસો સ્વીમીંગ માટે આવી રહ્યા છે. સેકટર-૨૧ જીમખાનમાં સામાન્ય દિવસોમાં ૧૦૦ થી ૨૦૦ તરવૈયા આવતા હોય છે. પરંતુ ઉનાળાની ગરમી શરૂ થતા સ્વીમીંગ પુલમાં તરવૈયાઓની સંખ્યા પણ વધી જતી હોય છે. ઉનાળાની ગરમીમાં સ્વીમિંગ પુલમાં ન્હાવાનો આનંદ પણ અલગ હોય છે તેથી ઉનાળામાં સ્વીમીંગ પુલમાં તરવૈયાઓનો ધસારો નોંધાયો છે.

સેકટર-૨૧ જીમખાનામાં તરણની તાલીમ આપતા ૬૭ વર્ષીય મહિલા કોચ મનીષાબેન ત્રિપાઠીએ જણાવ્યું હતું કે આ વર્ષે જીમખાનામાં તરવૈયાઓની સંખ્યામાં વધારો થયો છે તેઓ વર્ષ ૨૦૧૫થી જીમખાનામાં તરવૈયાઓને તાલીમ આપી રહ્યા છે. તેમની તાલીમથી અહીંયાથી ઘણા બધા સ્વીમર્સે સ્વીમીંગ સ્પર્ધાઓમાં ગોલ્ડમેડલ પણ મેળવ્યા છે. મનિષાબેન ત્રિપાઠી યુવા પેઢી માટે અદભુત વ્યકિતત્વ છે. આ એક એવા કોચ છે જે ભલભલા જુવાનીયાઓને હંફાવે તેવી સ્પીડમાં સવીમીંગ કરે છે.મનીષાબેને વર્ષ ૨૦૦૫થી અત્યાર સુધી અલગ અલગ સ્પર્ધામાં ૧૫૩ ગોલ્ડ, ૮૫ સિલ્વર અને ૪૮ બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે. આ ઉપરાંત જીમખાનામાં મુખ્ય કોચ કે.જી. ભગત અને રામભાઈ પરમારનો પણ મોટો ફાળો રહ્યો છે. આ ત્રણેય સિનિયર સિટિઝનો ગાંધીનગર જીમખાનામાં તરવૈયાઓને તાલીમ આપી રહ્યા છે. જેમાં તરવૈયાઓને પણ તેમની પાસેથી તાલીમ લેવામાં આનંદ અને રસ પડે છે. સ્વીમીંગ પુલમાં એક દિવસમાં ૧૮૦૦ થી ૨૦૦૦ બાળકોને તાલીમ આપી આ ત્રણેય સિનિયર સિટીઝન કોચની અદભુત કામગીરી પ્રેરણાદાયી અને ઉદાહરણરૂપ સાબિત થઈ રહી છે.

## જન્મદિને વધામણી



વિજયભાઈ ચૌધરી



શ્વેતા શર્મા
મો. ૯૮૨૫૧ ૨૫૬૦૨



નવલસિંહ ગોહિલ
મો. ૭૮૭૮૯ ૯૫૦૫૦



બ્રહ્માકુમારીઝ સેક્ટર -૨૭ સેવા કેન્દ્ર દ્વારા નિઃશુલ્ક ઓર્થોપેડીક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. અંશુલ પટેલે લગભગ ૫૫ દર્દીઓની સારવાર કરી હતી તથા શિવમ ડિજિટલ એકસ રે દ્વારા સેવા કેન્દ્ર પર જ એક્સ રે પાડવામાં આવ્યા હતા.

## ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સર્જકો માટે 'આવ રે વરસાદ...' કાર્યક્રમનું આયોજન!

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર મહિનાના બીજા રવિવારે એમની માસિક બેઠક નિયમિત રીતે યોજાય છે. જૂન મહિનામાં



ગાંધીનગર સાહિત્યસભાના સર્જકો માટે 'આવ રે વરસાદ...' કાર્યક્રમ ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતના અધ્યક્ષ સ્થાને આયોજિત કરવામાં આવ્યો છે.

ગાંધીનગર સાહિત્યસભાના સર્જકોને એમની સ્વરચિત ગદ્ય અથવા પદ્ય રચના રજૂ કરવા માટે આમંત્રણ આપવામાં આવે છે. સૌ સર્જકો પોતાની રચના કાગળ પર લખીને લઈ આવે અને સંચાલકને સોંપી દે પછી ક્રમાનુસાર સૌને પાંચ મિનિટની મર્યાદામાં એમની રચના પ્રસ્તુત કરવાની રહેશે. એક સર્જક એક જ રચના કોઈ પણ પૂર્વ ભૂમિકા સીવાય રજૂ કરવાની રહેશે. કાર્યક્રમનું સંચાલન કારોબારી સભ્ય અજય રાવલ કરશે.

ગાંધીનગર સાહિત્યસભાની બેઠક રવિવાર દિનાંક ૧૨મી જૂન, સાંજે પાંચ વાગ્યે, શ્રી સરદાર પટેલ વિદ્યાલય, બગીચાની સામે, સેક્ટર-૭ ખાતે મળશે. ગાંધીનગર સાહિત્યસભાના સલાહકાર કવિ કિશોર જિકાદરાએ સૌ સર્જકો અને સાહિત્ય પ્રેમીઓને આ કાર્યક્રમમાં હાજર રહેવા આમંત્રણ આપ્યું છે.

# સાબરમતી યુનિવર્સિટી ખાતે નેશનલ સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સ્થિત સાબરમતી યુનિવર્સિટી ખાતે એક દિવસના ખાસ નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વોટર મેન ઓફ ઈન્ડિયા ડો. રાજેન્દ્ર સિંઘ મુખ્ય અતિથી તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ખાસ કરીને પર્યાવરણની જાળવણી, વૃક્ષોની જાળવણી તેમજ વોટર મેનેજમેન્ટ એટલે કે પાણીની યોગ્ય રીતે બચત વિશે તજજ્ઞો દ્વારા વાત કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ડૉ. રાજેન્દ્ર સિંઘ દ્વારા નદી બચાવો તેમજ પાણી બચાવોનો સુંદર સંદેશ આપવામાં આવ્યો હતો જયારે યુવાનો પણ પર્યાવરણની જાળવણી અને નદીના પ્રદૂષણને અટકાવવા માટે આગળ આવે તે માટે તેમના દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો હતો. આ સેમિનારની શરૂઆતમાં યુનિવર્સિટીમાં વિવિધ સ્થળે છોડ રોપવામાં આવ્યા હતા અને થોડા સમય પહેલાં જ ઉજવાઈ ગયેલા વર્લ્ડ એન્વાયરમેન્ટ ડે ને યાદ કરીને ખાસ વૃક્ષારોપણની કામગીરી કરવામાં આવી હતી. આ પ્રસંગે યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાના ફેકલ્ટી મેમ્બરો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પર્યાવરણનું મહત્વ જણાવીને ડૉ. રાજેન્દ્ર સિંઘે એન્વાયર્મેન્ટ ડેની ઉજવણી માત્ર એક દિવસ પૂરતી મર્યાદિત ન રાખીને તેને એક આદત બનાવી દેવી જોઈએ જેથી આવનારા ભવિષ્યને એક સારી ભેટ આપી શકાય તેમ તેમણે જણાવ્યું હતું. આ સેમિનારમાં યુનિવર્સિટીના ડીન ડૉ. પરશુરામ ધાકડ, ડેપ્યુટી કન્ટ્રોલર ઓફ એક્ઝામ ડૉ. જ્યોતિ શ્રીવાસ્તવ, હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સ વિભાગના વડા ડૉ. વિશાલ ગુપ્તા તેમજ યુનિવર્સિટીની તમામ વિદ્યાશાખાના ફેકલ્ટી મેમ્બરો અને વિદ્યાર્થીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ડો. શર્મા સોમદત્ત મહેન્દ્રકુમાર, ઉ.વ. ૮૨, સેકટર-૧૭
- સ્વ. ત્રિવેદી જયંતિભાઈ રમણભાઈ, ઉ.વ. ૮૨, સેકટર-૨૭
- સ્વ. બારોટ વિણાબેન સુરેશભાઈ, ઉ.વ. ૫૭, નાદરી, કલોલ
- સ્વ. બીર્જે પ્રકાશ ચંદ્રકાન્તા, ઉ.વ. ૪૭, સેકટર-૧૨
- સ્વ. ઠાકોર હિરાબેન સોમાજી, ઉ.વ. ૯૦, શિહોલી મોટી
- સ્વ. વાણીયા જયેશભાઈ સોમાભાઈ, ઉ.વ. ૬૪, સેકટર-૪
- સ્વ. દરજી શુભદ્રાબેન જયંતિલાલ, ઉ.વ. ૬૮, સેકટર-૨૪



ગાંધીનગરમાં વિવિધ સ્થળોએ આવેલા બસસ્ટેન્ડ ભિખારીઓ માટે આશ્રયસ્થાન બન્યા છે. આકરા તડકા અને વરસાદમાં આ બસસ્ટેન્ડ અલગારી જીવો માટે છાપરાનું કામ કરે છે. અહીં તેઓ ઘર વખરીને સામાન ગોઠવી આરામથી દિવસો પસાર કરી રહ્યા છે.

## કે.કે. પટેલ વિદ્યાલય કોલવડાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૦

શ્રીમતી કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા શાળામાં MARCH – ૨૦૨૨ ની S.S.C. ની પરીક્ષામાં સમગ્ર શાળામાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થનાર વૈધ નિજા સંજયભાઈએ ૯૩% સાથે ઝળહળતી સફળતા હાંસિલ કરી સમગ્ર ગામ કોલવડા અને શાળાનું નામ રોશન કર્યું છે. H.S.C. સામાન્ય પ્રવાહનું શાળાનું પરિણામ ૧૦૦% આવેલ છે જ્યારે S.S.C.નું પરિણામ ૭૧% આવ્યું છે. કોલવડા કેળવણી મંડળ તથા આચાર્ય ભાવનાબા વાઘેલા તરફથઈ સમગ્ર સ્ટાફ પરિવારને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.





**સેક્ટર-૨૨ પંચદેવ મંદિરની બાજુમાં આવેલ મુખ્ય રસ્તા ઉપર આવેલી કચરા પેટીનો આ દશ્યો છે**

પાટનગરમાં આવા દશ્યો અનેક કચરા પેટી ઉપર રોજબરોજ જોવા મળે છે. ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટાયેલા સેવકો અને ઉચ્ચ અધિકારીઓ આ પરિસ્થિતિ નિવારવા કોઈ પગલાં લેશે ? આ ગંભીર સમસ્યા છે અને તેનો કોઈ કાયમી ઉકેલ જરૂરી નહિ પણ આવશ્યક છે.

# આત્મનની બાળ શિબિરનો પ્રારંભ

## અરણ્ય ઉદ્યાન ખાતે ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે ત્રિ દિવસીય શિબિર




ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં આત્મન ફાઉન્ડેશન દ્વારા બાળકો માટે ત્રણ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૧૦ થી ૧૨ સવારે ૧૦ થી ૧૧ વાગ્યા આસપાસ યોજાય છે. ગઈ કાલે પ્રથમ દિવસે યોજાયેલી શિબિરમાં કુલ ૫૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આત્મન ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે ગાંધીનગરમાં સર્કીટ હાઉસ પાછળ અરણ્ય ઉદ્યાન ખાતે શિબિરનું આયોજન કરવામાં આવે છે. આત્મન ફાઉન્ડેશનની આ ૨૭મી શિબિર છે. આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞાબેન પટેલે પોતાના સાથી મિત્રોની સાથે રહીને તેમના સહયોગથી ઘણા બધા બાળકોનું જીવન ઘડતર કરવામાં ફાળો આપ્યો છે જે વાલી મિત્રો હાલમાં શિબિરમાં તેમના બાળકોને મુકવા આવે છે તેઓ પણ જયારે નાના હતા ત્યારે આ શિબિરનો લાભ લઈ ચુકયા છે. આ શબિરનો જે લાભ લે છે તેમને અવશ્ય ફાયદો થાય છે.

છેલ્લા ૨૬ વર્ષથી ચાલતી આ શિબિરનો ઉદ્દેશ્ય એ જ છે કે બાળકોનું જીવન ઘડતર થાય, લીડરશીપ કેળવાય, બાળકોમાં આત્મવિશ્વાસ પેદા થાય, બાળકો જાતે કંઈક નવું કરવા માટે પ્રેરાય, બાળકોમાં રહેલી ક્ષમતા બહાર આવે વિગેરે. જો કે આ શિબિર દર વર્ષે આખા દિવસ દરમિયાન યોજાતી હતી પરંતુ આ વર્ષે સમય ટૂંકાવ્યો છે. આ વર્ષે ગરમીના કારણે આખા દિવસની શિબિરનું આયોજન કર્યું નથી પરંતુ ત્રણ દિવસીય આ શિબિરમાં જે બાળકો ભાગ લેશે તેમને અવશ્ય જીવન ઘડતરમાં ફાયદો થશે. ગઈકાલે બાળકોને આ શિબિરમાં ખૂબ જ મજા આવી. નવી નવી એકિટવીટી કરવામાં બાળકોને આનંદ આવ્યો હતો.

વર્તમાન સમયમાં બાળકો મોબાઈલ યુગમાં મોબાઈલમાં જ

**ત્રણ દિવસમાં કરાવનારી એકિટવીટીઓ**

**ડ્રોઈંગ, ક્રાફટ, વેસ્ટમાંથી બેસ્ટ, નાટક, અભિનય, વિજ્ઞાનના પ્રયોગો, નૃત્ય, બાળ અભિવ્યકિત, સ્પોર્ટસ રમતો, જ્ઞાન સાથે ગમ્મત એમ વિવિધ એકિટવીટીઓ દ્વારા બાળકોને જીવન ઘડતરમાં ઉપયોગી થાય તેવી એકિટવીટીઓ કરાવવામાં આવે છે.**

રચ્યા પચ્યા જોવા મળતા હોય છે તેથી આત્મન ફાઉન્ડેશન દ્વારા બાળકોને કુદરતી વાતાવરણમાં વૃક્ષો પશુ પક્ષીઓની વચ્ચે નેચર સાથે કનેકટ કરવા માટે અરણ્ય ઉદ્યાનમાં વિવિધ પ્રવૃત્તિઓ કરાવીને મોબાઈલથી પણ દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. બાળકો વેકેશન પડતા મોબાઈલમાં જ જોવા મળતા હોય છે તેથી માતા પિતા એ પણ બાળકોને આવી શિબિરમાં અવશ્ય બાળકોને મોકલવા જોઈએ. ૬ થી ૧૪ વર્ષના બાળકો આ શિબિરમાં જોડાય છે.

કોરોના મહામારી વખતે પણ શિબિર યોજાઈ હતી. જેમાં ઓનલાઈન બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. એટલે કે ઈ-શિબિરનું આયોજન કોરોના મહામારી સમયે કરવામાં આવ્યું હતું. કારણકે તે સમય દરમિયાન સ્કૂલમાં રજાઓ હોવાથી બાળકો મોબાઈલમાં જ રચ્યા પચ્યા રહેતા હતા. જેની ટેવ હજી બાળકોમાં જોવા મળી રહી છે વધારે પડતો મોબાઈલનો ઉપયોગ કરવાથી બાળકોના જીવન ઘડતરમાં ખલેલ પડે છે તેથી ઉનાળાના આ વેકેશનના છેલ્લા દિવસોમાં આ શિબિરનો લાભ લઈને રજાનો સદુપયોગ અનિવાર્ય છે. ત્રણ દિવસીય આ શિબિરમાં બાળકોને ભાવતો નાસ્તો પણ આપવામાં આવે છે.

આ શિબિરમાં નાના બાળકો અને મોટા બાળકો ભેગા મળીને એકિટવિટીઓ કરતા હોય છે તેથી નાના બાળકોને પણ પ્રેરણા મળતી રહે છે આમ દર વર્ષે આત્મન ફાઉન્ડેશન બાળકો માટે આવી જીવન ઘડતરની શિબિરનું સરસમજાનું આયોજન કરે છે.

# જ્યોતિ પેથોલોજી ખાતે યોજાયેલાં રક્તદાન શિબિરમાં ૬૭ યુનિટ્સ રક્ત એકત્ર કરાયું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના કુડાસણ ખાતે ગત તા.૧૦મી જુન, ગુરુવારના રોજ સવારે ૯ થી બપોરના ૧૨ વાગ્યા દરમ્યાન પ્રમુખ મસ્તાના કોમ્પલેક્સમાં બ્લોક-ડી ખાતે 'બ્લડ ડ્રાઈવ' એટલે કે 'રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રકતદાન શિબિરનું આયોજન શહેરના જ્યોતિ પેથોલોજી ડાયગ્નોસ્ટિક ઍન્ડ બ્લડ સ્ટોરેજ સેન્ટર ખાતે યોજાયેલા 'બ્લડ ડ્રાઈવ'માં રકતદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને ૬૭ યુનિટ્સ રકતદાન કર્યુ હતું. આ રકતદાન શિબિરમાં રકત એકત્ર કરવાની સેવા સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટની બ્લડ બેંક દ્વારા પુરી પાડવામાં




આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ 'બ્લડ ડ્રાઈવ'નું આયોજન જ્યોતિ પેથોલોજી ડાયગ્નોસ્ટિક ઍન્ડ બ્લડ સ્ટોરેજ સેન્ટર દ્વારા લીટલ મિરાકલ્સ પિડિયાટ્રિક્સ એન્ડ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, શ્રી હરિ ઈમેજિંગ સેન્ટર તેમજ ગ્રીન યુનિસેક્સ સલોન એન્ડ સ્પાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.